તખ્ત વિલાપ.

બનાવનાર

હજામ દાદુ કાશમ કસબાતી

ભાવનગર.

અંબાજીના વડ પાસે ગની હબીબાણીની ખડકીમાં.

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬.

છપાવનાર

રાધનપુરી વલીભાઈ અબદ્દ રહેમાન

ભાવનગર.

આવૃતિ પેહેલી પ્રત ૨૦૦૦ હજાર.

ચિત્રા.

ગોહેલવાડ પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

કિંમત એક આનો.

૬૨૯૫

ભાવનગરના મહારાજા નેકનામદાર રાઓળ શ્રી સર તખ્તસીંહજી જી. સી. એસ. આઈ. એલ. એલ. ડી. નું અચાનક ખેદયુક્ત ભયાનક મરણ સંવત ૧૯૫૨ના મહા સુદ ૧૪ બુધવાર તા૦ ૨૯ માહે જાનેવારી સને ૧૮૯૬ મધ્યાન કાળે બાર કલાકનો બળાપો.

તખ્ત વીલાપ.

[રાગ ચંદ્રમુખીને એકલી)

સૃષ્ટીના સૃજનાર નાર, સરમ નહિં તુંને જરી;
હતો હીરો અમરાંકનો, દગો કરી લીધો હરી;
સુજાણુજો સૃજનાર, અજાણુ કેમ આજે થયો,
રૈયતના રખવાળ રાઓળને હરી ગયો. સૃષ્ટી.
અમો રૈયત રાંકના, લેવાથા પ્રાણુ પાપીઆ;
પક્ષીના પ્રાગને અનગળ દુઃખ આપીઆ. સૃષ્ટી.

રાગ સીતાજીના મહીના.

અરરર તખ્તસીંહજી ભુપ, સુને રાજને કરી,
ભયંકર કરી ભાવપૂર, દયા દીલ ન ધરી. ટેક.
રાનવેરાન કરી મોતીબાગ, રાણી સીબાણીઆ;

મન મનોરથ રહ્યા મનમાંય, કર્મે આગળ ચાલીઆ. ૧
નાથ અનાથના પાલન હાર, તમે પેરમ પતિ,
ઉરમાંહી સમાણી જાપ, જપી જન્યા જતિ. ૨
મળી રાણીઓ મેલમાંય, રડે માથું કુટતી,
હક્કા હૈ દીલડામાંય, ગયા જંજાળથી. ૩
થયા રાંકના બુરા હાલ, આપ વિના અરે;
જોગ ઈશ્વરનો કર્યો આપ, પ્રજા દીલગીર ફરે. ૪

રાગ મારારે સ્વામી બોલોને.

પીતા શ્રી કોપશો કોણો દુશ્મન મારી હગો તમે હોધો. ટેક.
પ્રીતે પાસે બેસારી પણ પાતા, તન્ને તનને તરશ નથી ખાતા
મુલાકાત લીધી નહીં મારી, સત્વર સ્વર્ગ કરી ગયા સ્વારી. પી.
પ્રતાપે તમ વૈભવ વસુ ઘાવણી, ખલકમાં છે ખોટ એક તમતણી.

કાફી વટા કોશલ એ રાગ.

આજે [૨] ન સ્વર્ગે સ્વારી રડે છે રૈયત સારી;
પ્રતિપાળ (૨) પરોપકારી રડે છે રૈયત સારી. ટેક.
વિલાત ફરિયા ફરતા, સીપાઈ નહિં વીસરતા,
પાયદળ પગ ન ધરતા, આલ્યા કર્યા સરદાર.
નહિં સવાર બોલો આવાર, તનહાકરી તૈયારી. રડે છે.
રંગો દીલગીરી હરીઆવ, અમ તન રૂપે જે નાવ,
આશે કેમ બહાદુર, માલમ તમ મહારાજ,
રીવાવો આજ તડે કેમ પાજ,
કહું એમ તપ ધરી. રડે છે.

રાગ મરસીઆ.

હાય હાય ભુપ બંકો બગાડી બાજી ગયો. (૨)
ગુણી ગોહીલ ગાદી તજી ગયોરે- હાય.
ચતુર છબીલા પુરા સાણા, કર્યા અમને તમે નીમાણા;
આવ્યા કયાંથી આવ્યા આણા. અરે.
સ્વામી માથે કરી ન રાખી ખામી, દીન પ્રજાને દરિએ વામી,
એવી પ્રભુની શી પ્રીત જામી. અરે.
છોડી દરબાર તમે દાનેશ્વરી, કેમ પ્રભુ સ્વારી સ્વર્ગે કરી
ન આવી દયા પ્રાણનાથ જરી. અરી.
પશુ પક્ષી રૂવે ઝાર ઝાર, વેપારી દુખી છે અપાર,
સૌને કરી ગયા નીરાધાર, અરી.
રાંક રૂવે રખડતાં શેરી, સાધુ બ્રાહ્મણ રૂવે હેરિ હેરી,
રૈયત રૂવે સહુ ઘેર ઘેરી. અરી.

ગીતી.

શોકે શોર આ પૂરમાં નુર નથી તમ ભૂપપર રતિ;
નેત્રે કેમ છે નીચે, કયાં પધાર્યા પુરે પતિ,

મળજો સાહેબને દરબાર એ રાગ.

ગુજર્યા તખ્તસીંહ મહારાજ ગુજર્યા રૈયતના શીરતાજ,
ગુજર્યા ગોહીલ કુળના ભાણ. ટેક:
ગુજર્યા રાંકોના રખવાળ, ગુજર્યા પૃથ્વીના પતિપાળ ગુજર્યા.
ગુજર્યા શીરબંધી સરદાર ગુજર્યા દાનેશ્વરી દાતાર. ગુજ.
ગુજર્યા જશકારી જશુ નંદ ગુજર્યા રાજ્યોના કુળનાચંદ. ગુજ.

રાગ લેલે મોતી વેરાણા.

આજ રાજ તખ્તસીંહ સ્વર્ગે સીધાવીઆ ટેક.
ઈંડિયામાં એલ એલ ડી જી સી એસ આઈ.
આવી હતી ઉડી ગઇ આજરે આજ રાજ.
મહુવામાં હાટે હાટે હડતાળ પડી,
મરતાં તખ્ત મહરાજરે. આજ રાજ.
રાણીઓ દાશી રૂવે દરબારમાં,
રૂવે બને કુંવર રંગમોલરે, આજ રાજ.
કુંવરી બંને અહીંઆ કલ્પાંત કરે,
રામબારડે બંદર પોર રે. આજ રાજ.
શીહોર વાળા ભાયાતો શોચકરે,
કરે શોક નૃપ તમામરે. આજ રાજ.
રૂવે ચોરે ચારણ ચૌટે વાણીઆ,
શો કોપ કર્યો શ્રી રામ રે. આજ રાજ.
તોપ બહાર બન્ડ વાજાં બધ થયાં,
નાંખ્યા પાછા લોકે લગનરે. આજ રાજ.
આનંદ અમીરોનો અળગો થયો,
સળગી કાંઇ ચીતમાં અગન રે. આજ રાજ.
પ્રાગ વડ પક્ષીના પશુને પાળનાર,
રંકના હતા રખવાળરે. આજ રાજ.
અચાનક એને દરદ ક્યાંથી આવીસું,
સૌની લેતાં સંભાળરે.

તારીખ ઓગણુત્રીશ હતી એકની,
હતો બુધ છનુંનારે સાલરે. આજ રાજ.

રાગ જઝાવો સીતમકું સજાવાર.

થયો અસ્ત આજે સુર્ય સત્યનો, હાવો કેમ બંધાએ હેત ગતનો. ટેક.
મોજ દરીઆવ મયાળુ હતા, થયા દુખીઆ આજ તપ્ત જતા. થયો.
તમામ દેશ ગામે રાખ્યા જેણે નામ, સોના ચાંદીના કરાવ્યાંછે કામ. થયો.
આરસપારસના જડીત મકાન, દીધાં ઘટતાં જેણે રાંકને દાન થયો.
યજ્ઞ જપ તાપ જેણે કર્યા, બ્રહ્મ સાધુના દુઃખ તેણે હર્યા. થયો.
તાર ટપાલ અને ગાડી રેલ, કરી રૈયત માટે મીક્ષ ને મેલ. થયો.

દોહરો.

કોલેજ કોરટ કારવનસરા સરીતા પુલ મઠક,
ચોકી પેરા સર્વે જગે ધરણીમાન ધડક. ૧
કર્યા ગામો ગામમાં પરોપકારી કામ,
પેરમ પતિએ રાખ્યું નવખંડમાં જે નામ. ૨

સોરઠો.

ખીમતરને બાંધી કેમ મેલી મશીદ મુસાફરો,
આડ ખીડ આજ સાંધી કેમ ખેરાત છોડી ચાલીઆ.

દહા ઉઠીછે દુઃખની દીલમા—એ રાગ.

હાય અબ હમારે યારો સબકે તકદીર ફુટ ગએ,
થા સખાવત મે જો હાતમ, ઉનકા શીરસ્તે લુટ ગએ. ટેક.

હમ ગદા કમશીનકો ઓ દેતાથા હરદમ કરીમ;
અબ રહેકે કયા કરે રોઝી અમને છુડ ગએ. હાય અબ.
થા અહલ નૌશેરવા ફરતસે બલકે પેલવા;
હેતે વક્ષાત તખસીંહ સબ અખાટે તુંટ ગએ. હાય અબ.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

રાંડી રાંડોના રાજેંદ્ર ઊડી ગયા,
ચડી ગયાછે છેલ્લી શફરે આજજો,
સુના કરી મેલ મોતીબાગને,
સુની પડીછે સાહેબ સારી સભાજજો. રાંડી રાંડો.
તમ જાતા થયા બ્રાહ્મણો ભટકતા,
કોઇ ન આપે પુરમાં ચપટી લોટ જો,
તમ મરતા મુસાફરો મલકમાં,
ચાલ્યા ગયા સમજીને ખરી ચોટ જો. રાંડી રાંડો.
કોણ ચોમાસે છત્ર એને ઓઢાડશે,
કોણ શીઆળે ઓઢાડશે શાલ જો,
કોણ ઉનાળે પેરણ ને પેજાર દીએ,
કોણ લેશે હરઋતુમાં સંભાળજો,
ફીરતાક કમંડળ થાળી અને કળશીઆ,
એ શીવાએ અપાર શુભ દાન જો,
જારી લંગર રંક જનોને નીભાવવા.
દીધા આપે બળી સમ દાન એ. રાંડી રાંડો.

સાખી.

દુઃખદાક આ વાચક શુ છે લખેલ તારની માંય,
વાંચતા વાલા વિસમય થયો છું હવે કરૂં શું હાય.
લાય લાગીછે તનમાં મહા શોચ થયો મનમાં.

રાગ ચંદ્રાબીન એકલી.

પ્રેમ પ્રતિ દુઃખનો રેલ્યો દરિઆવ,
કર્યા અતિ હૃદયમાં કારી ઘાવ. ટેક.
પ્રતાંપ પુરો પસારીઓ આ અવનીની માંય,
રાજકાજ રૂડા કર્યા આપ્યા અદલ ન્યાય,
થાય લાય દીનમાં સુણી બનાવ. પ્રેમ.
પયોધિમાં પડેલ ને ઉતાર્યા તમે પાર,
તેડીને તરછોડીઆ કરી દીધા નીરાધાર,
કાર કરી નાંખ્યા દરીએ નાવ પ્રેમ.

વીરહુર બારમાશી એ રાગ.

ગય હીંદનો હીમત તારો અલોપ થયોછે આજે અમારો.
દુઃખ દાવાનળ દહતે મયોરે, નાઓબા રાંકનો પાળનહારો.
દાનેશ્વરી મહા હતા દયાળુ માગાણ મોજદા સીંધુરે,
અમ રાંકના રાજેંદર તજ્યાસૌ સ્વરત થયાછે ધર્મ દહું રે.
વિધવા થઇછે વિધા વિલાશી ઉદાશીની રેલ ફરીરે.
આ અવનીમાં અમાપાર આફત શી મોકલી તે શ્રીહરી.

લલીત

અદર હાયરે શું હવે થશે, સુખ સંતને કોણ આપશે.
શુભ સુર્યજે તખ્ત ભુપરે, નંક ભાગ્યોના અનુપરે.
આવ્યા તે ગયા ગામ છોડીને, રૈયત રંકથી પ્રીત તોડીને.
તખત તેજથી ચદ શામ છે ભુપ એ તુલ્યે કોણ ગામ છે

બડો બાઈ બુડતો તારો એ રાગ.

હીંદને કીંમતી હીરેરે નવાર્યા શોકને નીરે ટેક
મહી મહીં બહુ માન મેળવીલું, દાન દઈ દુઃખ કર્યાં દૂર,
રાજ નીતિ રાય રૂડી ચલાવી, એ ખટકે પ્રજા ઉર. હીંદ.
ખીતાબ મેળવ્યા ખાંતે તેંતો, કૈસરે હીંદની પાસ,
પાછા મોકલ્યા બાણુ તે માર્યું, સૌને કર્યા નિરાશ. હીંદ.
સંત સાધુને રાંક વિપ્રનો, રૂડો હતો રખવાળ,
સર્વ ધર્મ જેણે સરખા જાણ્યા, (ને) ક્રમીં ગયો પ્રતિપાળ, હીંદ.
અમીર ઉમરાવ મેતા મુસદ્દી, કરે સહું વિચાર;
સંસાર સ્વપ્ન સમ કર્યો તેં, પણ માંહું કીરતાર. હીંદ.
યમના તેડા આવ્યા ઓચીંતા. કોઇએ ન જાણી વાત;
દગો દીધો દીવાન કહે રાજ, બાવુભાના તાત. હીંદ.
રંગ બેરંગી પહેને ફરતા, લોકના થોક અથાગ;
શ્યામ સફેદ વસ્ત્ર કર્યા, કર્યા સુના મહેલબાગ. હીંદ.